# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02/04/2026** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **રાજ્યમાં 26 એપ્રિલે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની જાહેરાત સાથે જ રાજ્યમાં આચાર સંહિતાનો કડક અમલ શરૂ.**
2. **કાયદેસરના જમીન અથવા મિલકતના વ્યવહારોમાં નાગરિકોને ૩૦ દિવસની નોટિસના સમયગાળાની રાહ જોવામાંથી મુક્તિ આપવા રાજ્ય સરકારનો નિર્ણય**
3. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે - રાજ્યમાં મહિલાઓ સુરક્ષિત હોવાનું કારણ સરકારની સતર્કતા.**
4. **રાજ્યભરમાં આજે હનુમાન જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી.**
5. **IPL ક્રિકેટમાં આજે કોલકતામાં કોલકત્તા નાઇટ રાઇડર્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# LOCAL BODIES ELECTION

રાજ્ય ચૂંટણી પંચે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી 26 એપ્રિલે યોજવાની જાહેરાત કરી હતી. રાજ્યની મનપા, નગરપાલિકા, જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની 10 હજાર કરતાં વધુ બેઠકો ઉપર 26 એપ્રિલે મતદાન થશે અને 28 એપ્રિલે મતગણતરી હાથ ધરાશે.

ગઇકાલે આ ચૂંટણીની જાહેરાત સાથે રાજ્યમાં આચાર સંહિતાન કડક અમલ શરૂ થઇ ગયો છે. જેને કારણે ચૂંટણી પારદર્શક અને શાંતિપૂર્ણ રીતે યોજાઇ શકે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા તમામ જીલ્લાઓના ચૂંટણી અધિકારીઓને આચારસંહિતનાનું ચુસ્તપણે પાલન કરવા માટે કહેવાયું છે.

# LOCAL BODY ELECTION

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર કરવામાં આવી છે. રાજ્યની 11 નગરપાલિકાઓની ખાલી બેઠકોની ચૂંટણી પણ યોજાશે. ભાજપ અને સરકાર રાજ્ય ચૂંટણી પંચની ઘોષણાને આવકારે છે, તેમ જણાવીને સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું કે પહેલી વાર એક સાથે 10 હજાર પ્રતિનિધિ ચૂંટાશે.

બાઇટ- જીતુ વાઘાણી, પ્રવક્તા મંત્રી

તેમણે કહ્યુ હતું કે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા માટે આજે ચૂંટણી સમિતિની બેઠક ઉમેદવાર પસંદગી બાબતે નિણર્ય કરશે.

# VALSAD - CHUNTANI

વલસાડ જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્વે ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉમેદવારોની પસંદગી માટે સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. વલસાડ શહેર, વાપી અને નાનાપોંઢા સહિતના વિસ્તારોમાં કાર્યકરો અને ટિકિટ વાંચ્છુકોની ભારે ભીડ ઉમટી પડી હતી.

પ્રદેશ નિરીક્ષકોની ટીમે વલસાડ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની બેઠકો માટેના ઉમેદવારોની પક્ષ પ્રત્યેની તેમની સક્રિયતા અને જીતવાની ક્ષમતા અંગેની વિગતો મેળવી હતી.

# LAND REVEUNU

રાજ્ય સરકારે મહેસૂલી સરળીકરણ માટે “જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯”ની કલમ ૧૩૫-Dની જોગવાઈમાં મહત્વપૂર્ણ સુધારા કરાયા છે. આ સુધારાથી હવે કાયદેસરના જમીન અથવા મિલકતના વ્યવહારોમાં નાગરિકોને ૩૦ દિવસની નોટિસના સમયગાળાની રાહ જોવા માંથી મુક્તિ મળશે.

પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી જમીન કે મિલકતના વેચાણ વ્યવહારોમાં ૩૦ દિવસની ફરજિયાત નોટિસના કારણે સામાન્ય જનતાએ લાંબી રાહ જોવી પડતી હતી. આ સમયગાળાનો ખોટી રીતે ગેરલાભ લેનાર કેટલાક તત્વો ખોટા વાંધા- ઉઠાવીને વેચનાર કે ખરીદનાર પાસેથી નાણાં પડાવવાનું (બ્લેકમેલિંગ) કામ કરતા હતા.

મુખ્યમંત્રીએ આ જટિલતાને સમજીને ખેડૂતો અને મધ્યમ વર્ગના હિતમાં ૧૩૫-ડીની ૩૦ દિવસની નોટિસની અનિવાર્યતામાંથી મુક્તિ આપવાનો નિર્ણય લીધો છે.

## GANDHINGAR CRICKET

ગાંધીનગરમાં  રમશે ગાંધીનગર, જીતશે ગાંધીનગર વર્ષ **2026** અંતર્ગત ક્રિકેટ ટૂર્નામેન્ટનું ઉદ્ઘાટન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કર્યું હતું.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની જાહેરાત બાદ પહેલી વાર પોતાનો ઉદબોધનમાં શ્રી સંઘવીએ કહ્યું કે, રાજ્યમાં મહિલાઓ સુરક્ષિત છે એનું કારણ સરકારની સતર્કતા છે. ભાજપ અને ગુજરાતની જનતા એ દેશ નહિ દુનિયાનું મોટું પરિવાર હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.

બાઇટ- હર્ષ સંઘવી , નાયબ મુખ્યમંત્રી

## HANUMAN JAYANTI

ચૈત્ર સુદ પૂર્ણિમા એટલે હનુમાન જયંતિના આ પાવન પર્વની આજે રાજ્યભરમાં ઉત્સાહ અને ઉમંગ પૂર્વક ઉજવણી થઇ રહી છે. વહેલી સવારથી જ મંદિરોમાં હનુમાન દાદાના દર્શન કરવા માટે ભક્તોજનો ઉમટી રહ્યાં છે.

અમદાવાદના શાહિબાગ સ્થિત કેમ્પના હનુમાન અને ગાંધીનગરને અડિને આવેલા પૌરાણિક ડભોડીયા હનુમાનજી મંદિરે દર હનુમાન જયંતી ખૂબ જ

ધામધૂમથી ઉજવવામાં આવી રહી હોવાનું ડભોડા હનુમાન મંદિરના ટ્રસ્ટી હસમુખ પટેલે કહ્યુ હતું.

બાઈટ: હસમુખ પટેલ, ટ્રસ્ટી, ડભોડા હનુમાન

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

## RAJKOT RAILWAY DIVIJHAN

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને આવકનો નવો ઈતિહાસ રચ્યો છે. રાજકોટ ડિવિઝને નાણાકીય વર્ષ **2025-26**માં **2** હજાર **711** કરોડની રેકોર્ડ આવક હાંસલ કરી છે. જેમાં ગુડ્સ ટ્રેન મારફતે માલ સામાનના લોડિંગમાંથી સૌથી વધુ **2** હજાર **238.34** કરોડ, મુસાફરોની આવકમાંથી **437.43** કરોડ અને પાર્સલ સહિત અન્ય સ્રોતોમાંથી **35.09** કરોડની આવકનો સમાવેશ થતો હોવાનું રાજકોટ ડિવિઝનના **DRM** ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું.

બાઇટ - ગિરિરાજ કુમાર મીના, **DRM**

# ARAVALLI -I-KHEDUT PORTAL

રાજ્ય સરકારે ખેતીના ઓજારો સહિતની વસ્તુઓ માટે ખેડૂત આઈ પોર્ટલ પર રજીસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરી છે. આગામી 26 એપ્રિલ સુધી ખેડૂતો આ સહાય માટે ઓનલાઈન અરજી કરી શકશે. ખેડૂતો ખેત ઓજાર સાધનો, તારની વાડ, સોલાર પાવર યુનિટ, પાક સંગ્રહ ગોડાઉન, માલ વાહક વાહન, પમ્પ સેટ્સ, પાક સંરક્ષણ સાધનો અને સમાર્ટફોન ખરીદી પર સહાય વગેરે જેવા 42 ઘટકો માટે અરજી કરી શકશે. તેમ ખેતીવાડી અધિકારી પી. બી. પરમારે જણાવ્યું હતું.

બાઈટ : પી. બી. પરમાર, ખેતીવાડી અધિકારી, અરવલ્લી

# IPL CRICKET

IPL ક્રિકેટમાં, આજે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે કોલકાતા નાઈટ રાઇડર્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો થશે. આ મેચ સાંજે ૭:30 વાગ્યે શરૂ થશે. દરમિયાન ગઈકાલે દિલ્હી કેપિટલ્સે લખનૌ સુપર જાયન્ટ્સને છ વિકેટથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી લખનૌ સુપર જાયન્ટ્સની ટીમ ૧૪૧ રનમાં ઓલઆઉટ થઈ હતી. દિલ્હી કેપિટલ્સે સમીર રિઝવીના અણનમ ૭૦ રનની મદદથી ૧૭.૧ ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કર્યો હતો. રિઝવીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

# OTIZUM

આજે ઓટીઝમ ડે છે. ત્યારે તેમા જાગૃતિ ફેલાવવાના આશય સાથે રાજકોટ સિવિલ હોસ્પિટલ સ્થિત ડીસ્ટ્રીકટ અર્લી ઇન્ટરવેન્શન કેન્દ્ર ખાતે 'ઓટીઝમ અવેરનેસ ડે' ની પૂર્વ સંધ્યાએ કરવામાં આવેલી વિશેષ ઉજવણીમાં સેન્ટરમા થેરાપી માટે આવતા ૪૦ જેટલા બાળકોએ તેમજ તેમના વાલીઓએ હોંશભેર ભાગ લીધો હતો. વાલીઓને ઓટીઝમના બાળકની સંભાળ કઈ રીતે રાખવી તે માટેના પેમ્પલેટ વિતરણ કરવામાં આવ્યા હતાં. અમદાવાદમાં પણ ઓટિઝમ ક્ષેત્રે કાર્યરત તબીબો અને જિનેટિકલ ક્ષેત્રે દેશભરમાં કાર્યરત તજજ્ઞોએ ઓટિઝમ માટે ડાયટ અને કસરતને કારગત ઉપાય ગણાવ્યો છે.

# WEATHER

હવામાન વિભાગ દ્વારા આજે  વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. ચોથી એપ્રિલ સુધીની વરસાદની આગાહી દરમિયાન 40 કિલો મીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે તેવી હવામાન વિભાગના વડા ડો. એ કે દાસે કહ્યું હતું.

## બાઈટ: એ કે દાસ

---------------------------------------------------